# બશીર બદ્ર: સ્મૃતિઓના શાયર અને સ્મૃતિભ્રંશની સાંજ

કવિઓ, શાયરો અને લેખકોના જીવનની એક કરુણ વિડંબના એ છે કે તેમણે તેમની રચનાઓમાં જીવનના એવા પક્ષને પ્રસ્તુત કર્યા હોય છે, જે પાછળથી તેમના પોતાના જીવન માટે પ્રાસંગિક બની જાય છે.

૨૮મી જૂને, ૯૧ વર્ષની ઉંમરે, અવસાન પામેલા મશહૂર ઉર્દૂ શાયર બશીર બદ્ર પાછલાં કેટલાંય વર્ષોથી ડિમેંશિયા (સ્મૃતિભ્રંશ) સાથે જીવી રહ્યા હતા. તેઓ એ બધી જ યાદદાસ્ત ગુમાવી રહ્યા હતા, જે તેમણે જીવનભર તેમની રચનાઓમાં સંગ્રહિત કરી હતી. જાણે આવા જ કોઈ દિવસોનું પૂર્વાનુમાન હોય તેમ, વર્ષો પૂર્વે તેમણે લખ્યું હતું:

**ઉજાલે અપની યાદોં કે હમારે સાથ રહને દો**
**ના જાને કિસ ગલી મેં જિંદગી કી શામ હો જાયેં**

બદ્ર સાહેબની મનની ગલીઓમાં સાંજ પડી ગઈ હતી. એકવાર તેમણે તેમનો પોતાનો જ શેર સાંભળીને પૂછ્યું હતું કે બહુ સુંદર છે આ તો, કોણે લખ્યો છે?

અને એ સાધારણ ડિમેંશિયા નહતો. ડૉક્ટરોએ કહ્યું હતું કે તેઓ નામો ભૂલી જશે, રસ્તાઓ ભૂલી જશે અને શાયરીઓ પણ ભૂલી જશે. તેની શરૂઆત બહુ પહેલાં થઈ ચૂકી હતી. તેમના પરિવારને યાદ છે કે ૨૦૦૮માં તેઓ હજ કરવા ગયા હતા, અને ભીડમાં વિખૂટા પડી ગયા હતા. એક પાકિસ્તાની ચાહક તેમને ઓળખી ગયો, અને તેમને પાછા ભારતીય સમૂહો સાથે મેળવી દીધા.

નોબેલ પુરસ્કાર વિજેતા કોલમ્બિયન લેખક ગેબ્રિયલ ગાર્સિયા માર્કેઝ, તેમના મૃત્યુનાં અમુક વર્ષો પહેલાં, વૃસ્થાવસ્થા પ્રેરિત સ્મૃતિભ્રંશ (સેનાઈલ ડિમેંશિયા)નો શિકાર થયા હતા. તે બીમારી એટલી વધી ગઈ હતી કે તેઓ તેમના પુત્રોને પણ ઓળખી શકતા નહોતા અને પત્નીને પણ કોઈ બનાવટી વેશધારી માનીને વાતો કરતા હતા.

તેમને જ્યારે ભૂલવાની નાની-મોટી ઘટનાઓનો અનુભવ થવા લાગ્યો, ત્યારે તેમણે ચિંતા સાથે તેમના એક પુત્રને કહ્યું હતું, ‘સ્મૃતિ જ મારું ઓજાર છે અને એ જ મારો કાચો સામાન છે. એના વગર હું કામ નહીં કરી શકું.’

**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**

આ કથન કેવળ એક લેખકની વ્યથા નથી, પણ એ વ્યક્તિની ઊંડી આશંકાને પણ વ્યક્ત કરે છે જેનો સર્જનાત્મક સંસાર સ્મૃતિઓની માટીમાંથી બનેલો છે. તેના માટે સ્મૃતિનું લુપ્ત થવું ખાલી યાદદાસ્તનું જ જવું નથી; તે તેની સર્જનાત્મક ઓળખ અને અસ્તિત્વના આધારનો પણ વિખરાવ છે.

પણ બશીર બદ્ર જાણે તેના માટે તૈયાર હતા. તેમનો ઈલાજ તો ચાલતો હતો, પણ તેમને સારા થઈ જવા કરતાં, સારી રીતે જતા રહેવાની વધુ ચિંતા હતી. તેમને ખબર હતી કે ધીરે ધીરે તેઓ ‘મગજ ગુમાવી’ દેશે. તેઓ બધું સમેટી રહ્યા હતા, ખાસ કરીને તેમનું લખવાનું અને તેનું પ્રકાશન. તેમણે જ લખ્યું હતું;

**ચરાગોં કો આંખો મેં મહફૂઝ રખના**
**બડી દૂર તક રાત હી રાત હોગી**

મશહૂર ફિલ્મકાર વિશાલ ભારદ્વાજ 19 વર્ષની ઉંમરથી બદ્ર સાહેબના પરિચયમાં હતા. તે સમયે બદ્ર સાહિત્ય જગતમાં ઉભરતા તારા સમાન હતા. વિશાલ તેમની શાયરી પાછળ પાગલ એક વિદ્યાર્થી. બદ્રની શાયરીઓની



અસર એવી હતી કે વિશાલને એ પહેલો શેર આજે પણ યાદ છે, જે તે ઉંમરે સાંભળ્યો હતો;

**યે એક પેડ હૈ, આ ઇસસે મિલ કે રો લેં હમ,**
**યહાં સે તેરે-મેરે રાસ્તે બદલતે હૈ**

વિશાલને તેમના ડિમેંશિયાની શરૂઆત યાદ છે. એક સમચારપત્રને વિશાલે કહ્યું હતું, ‘હું જ્યારે પણ તેમના ખબર-અંતર પૂછવા માટે ઘરે ફોન કરતો હતો, તેમનો દીકરો તૈયબ અને પત્ની રાહત આપા મને કહેતાં કે મારું નામ સાંભળીને તેમના દિમાગમાં હલચલ થતી. જ્યારે અમને ખબર પડી કે તેમને ડિમેંશિયા થયો છે તે જાણીને અમે બહુ રડ્યા હતા.’

2010માં તેમણે કેટલાય દિવસો સુધી બોલવાનું બંધ કરી દીધું હતું. એક દિવસ વિશાલ પોતાનો જ એક શેર ભૂલી ગયા. તેમણે બશીર બદ્રને કહ્યું;

‘મેરા દિમાગ ભી ધડકતા હૈ મેરે દિલ કી તરહ...’

અને પછી પૂછ્યું, ‘ડોક્ટર સાબ, અગલી પંક્તિ યાદ નહિ આ રહી.’

અને તેમણે અચાનક આગળની પંક્તિ જોડી દીધી;

‘મિટા દિયે હૈં ફાસલે સબ મહોબ્બત ને.’

ડિમેંશિયાની કરુણતા વચ્ચે આ પ્રસંગ એક અદ્ભુત સત્યને ઉજાગર કરે છે. સ્મૃતિઓ ભલે ધીમે ધીમે ધૂંધળી પડતી જાય, પરંતુ કવિતા, પ્રેમ અને આત્મીય સંબંધોની કેટલીક ઊંડી છાપો ઘણી વાર અંતિમ ક્ષણો સુધી જીવંત રહે છે.

બશીર બદ્રનું પૂરું નામ સૈયદ મુહમ્મદ બશીર હતું. તેમનો જન્મ 15 ફેબ્રુઆરી, 1935ના રોજ અયોધ્યામાં થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેમણે કાનપુરમાં મેળવ્યું. યુવાનીના દિવસોમાં તેમણે થોડો સમય પોલીસ વિભાગમાં નોકરી પણ કરી હતી. વીસ વર્ષની ઉંમર

**ડિમેંશિયાની કરુણતા વચ્ચે આ પ્રસંગ એક અદ્ભુત સત્યને ઉજાગર કરે છે. સ્મૃતિઓ ભલે ધીમે ધીમે ધૂંધળી પડતી જાય, પરંતુ કવિતા, પ્રેમ અને આત્મીય સંબંધોની કેટલીક ઊંડી છાપો ઘણી વાર અંતિમ ક્ષણો સુધી જીવંત રહે છે**

સુધી પહોંચતાં-પહોંચતાં તેમની ગઝલો ભારત અને પાકિસ્તાનના ઉર્દૂપ્રેમીઓમાં લોકપ્રિય બની ગઈ હતી.

ઉચ્ચ શિક્ષણ માટે તેમણે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો અને ત્યારબાદ મેરઠ યુનિવર્સિટીના ઉર્દૂ વિભાગમાં વ્યાખ્યાતા તરીકે સેવા આપી. સાહિત્યક્ષેત્રે તેમણે અનેક સન્માનો અને પ્રતિષ્ઠા મેળવી. ભારત સરકારે તેમને પદ્મશ્રીથી નવાજ્યા હતા, જ્યારે સાહિત્ય અકાદમી તથા વિવિધ રાજ્યસ્તરીય ઉર્દૂ અકાદમીઓએ પણ તેમનું સન્માન કર્યું હતું.

પરંતુ જીવનના ઉત્તરાર્ધમાં એક એવી બીમારી આવી, જેણે તેમની સૌથી મોટી શક્તિ જ તેમની પાસેથી છીનવી લીધી. શબ્દો અને સ્મૃતિના આધારે આખી જિંદગી જીવેલા આ શાયરને ડિમેંશિયાએ ઘેરી લીધા. તેમ છતાં તેમની શાયરી આજે પણ લાખો લોકોની યાદોમાં જીવંત છે.

બશીર બદ્રની સૌથી મોટી ખાસિયત તેમની ભાષાની સરળતા હતી. તેઓ અત્યંત સાદા શબ્દોમાં એવી ઊંડી વાત કહી જતા કે તે સીધી જ વાચકના હૃદય સુધી પહોંચી જતી. જેમ કે કોમી તોફાનોમાં પોતાનું ઘર ગુમાવ્યા પછી તેમણે લખ્યું હતું;

**લોગ ટૂટ જાતે હૈં એક ઘર બનાને મેં**
**તુમ તરસ નહીં ખાતે બસ્તિયાં જલાને મેં**

# સામાનનું સામાન્ય જ્ઞાન

ફિલસૂફો ભલે કહે કે આ જગમાં ખાલી હાથે આવ્યા છીએ ને ખાલી હાથે પાછા જવાનું છે, પણ વચ્ચેનાં જે વર્ષ રહેવાનું છે તેનું શું? તેમાં હાથને ખિસ્સાં બધું ભરેલું જોઈએ છે. ફિલસૂફીના એ ઉત્તર ભાગનો પરિચય બહારગામ જનારને પણ થઈ શકે. સવારે જઈને સાંજે પાછા આવવાનો ટૂંકો પ્રવાસ હોય કે ઘણા દિવસનો લાંબો પ્રવાસ, સામાન વગર ચાલતું નથી. ઈચ્છા તો બહુ થાય કે હાથ હલાવતાં હલાવતાં જવાનું ને એવી જ રીતે પાછા આવવાનું હોય તો કેટલી શાંતિ? ટેકનોલોજી-પ્રેમીઓ કહી શકે કે કમ્પ્યુટરની ફાઈલોને ફોટાની જેમ આપણો મુસાફરીનો સામાન પણ ક્લાઉડમાં ચડાવી શકાતો હોય તો સારું પડે. જોઈએ ત્યારે પાણી કે નાસ્તો કે પત્તાંની કેટ ડાઉનલોડ કરી લેવાનાં અને કામ પૂરું થાય એટલે પાછાં અદશ્ય. બધી શોધો ભારતમાં જ થઈ હતી, એવું ધરાર મનાવતા, અને એમ કરીને ખરેખર થયેલી શોધોની આબરૂ પર પાણી ફેરવતા લોકો કહી શકે છે કે જૂની કથાઓમાં યોદ્ધો ધ્યાન ધરે કે મંત્ર ભણે એટલે તેના હાથમાં આવી જતાં દિવ્યાસ્ત્રો હકીકતે ક્લાઉડ સ્ટોરેજમાં રાખેલાં





**એવા લોકો માને છે કે વધારે સામાન તે અધૂરી કેળવણીની નિશાની છે અને સામાનના ઢગલા કેળવણીના અભાવની. પરંતુ તેમની આ માન્યતા તે જાહેરમાં ભાગ્યે જ અભિવ્યક્ત કરે છે**

હતાં અને આપણે જેને મંત્ર માનીએ છીએ, તે હકીકતમાં તેના પાસવર્ડ હતા.

પણ એ બધા ખ્યાલ તો દિલ બહલાવવાના છે. મુસાફરી વખતે સામાન ક્લાઉડમાં ચડાવી શકાતો નથી અને ઘણી વાર તો સામાન એટલો બધો થઈ જાય છે કે સામાન આપણી સાથે છે કે આપણે સામાનની સાથે, એ નક્કી કરવું અઘરું થઈ જાય છે. સાથે કેટલો સામાન રાખવો એ બાબતે તત્ત્વદર્શનની બે પરંપરા પ્રવર્તે છે. એક પરંપરા અંગ્રેજીમાં જેને મિનિમલિસ્ટ કહે છે, ટૂંકમાં પતાવનારા, એવી છે. (એ જુદી વાત છે કે ટૂંકમાં પતાવવાનો સ્પેલિંગ લાંબો લસરક છે.) એવા લોકો માને છે કે વધારે સામાન તે અધૂરી કેળવણીની નિશાની છે અને સામાનના ઢગલા કેળવણીના અભાવની. પરંતુ તેમની આ માન્યતા તે જાહેરમાં ભાગ્યે જ અભિવ્યક્ત કરે છે. કારણ કે, તે માન્યતાનું આકરાપણું અને આત્યંતિકતા તે બરાબર સમજે છે અને જાણે છે કે વ્યક્તિગત માન્યતા તરીકે તે કદાચ ચાલે, પણ તેને જાહેર કરવામાં આવે તો સમાજમાં વર્ગવિગ્રહ મચી જાય.

‘ઓછું, હજુ ઓછું’માં માનનારા ને રાચનારા લોકોનું ચાલે તો તે એવું પણ વિચારી જુએ કે ‘આ બંને પગ લઈ જવા જરૂરી છે? તેમાંથી એક પગ ન લઈ જઈએ તો ન ચાલે?’ અથવા ‘બંને પગ આવી રીતે છૂટા છૂટા રાખવા જરૂરી છે. તેને વાળીને એકબીજા પર મુકવાની કોઈ વ્યવસ્થા થતી હોય તો તપાસ કરવી જોઈએ.’ તેમને સામાન ફક્ત વજનમાં નહીં,

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વિશ કોઠારી**

સૈદ્ધાંતિક રીતે પણ ભારરૂપ લાગે છે. પોતે વજનદાર, લચી પડેલી બેગ સાથે જતા હોય ને કોઈ જોઈ જાય તો કેવું લાગે, એ વિચાર તેમને પજવે અને લજવે છે. જાણે કોઈએ તેમને દારૂના નશામાં ધૂત જોઈ લીધા હોય એવી લાગણી તે વધુ સામાન સાથે દેખાઈ જવામાં અનુભવે છે.

ઓછાના આરાધક તરીકે તે એવી જ ફિરાકમાં રહે છે કે ક્યાંથી, શું ઘટાડી શકાય. એવા લોકો બેગમાં સામાન ગોઠવવા બેસે ત્યારે હિંદી (અને હિંદીના વાદે વાદે ગુજરાતી) ચેનલો જેને અફરાતફરી કહે છે એવો માહોલ સર્જાય છે. ભૂલેચૂકે ઘરના બીજા કોઈ, મિનિમલિસ્ટ (લઘુતમવાદી) ન હોય એવા સભ્યે બેગ ગોઠવવાની ગુસ્તાખી કરી હોય તો તેમની કમાન છટકે છે. પત્રકારત્વનો અભ્યાસ કરીને ક્ષેત્રમાં આવતા લોકોને છાપાના રીઢા સિનિયરો કહેતા હતા કે સૌથી પહેલાં તમે જે શીખીને આવ્યા છો તે ભૂલી જાવ. કંઈક એવા જ અંદાજમાં લઘુતમવાદીઓ કહે છે,‘સૌથી પહેલાં તો આ બેગ ખાલી કરો, જેથી મને સૂઝ પડે.’ એ બેગ એવી રીતે ગોઠવાયેલી હોય છે, એટલે કે ગોઠવાયેલી નથી હોતી, કે તેને પદ્ધતિસર ખાલી કરવાનો વિકલ્પ હોતો નથી. તેને ઊંધી કરીને ઠાલવવી પડે છે. એવી રીતે બેગ ખાલી થયા પછી, લઘુતમવાદી મુસાફર મટીને ઓડિટર અને એડિટર બની જાય છે. ઘરનાં સભ્યોને ભેગાં કરીને તે ઢગલામાંથી એક પછી એક ચીજો વિશે પૂછપરછ અને ઉલટતપાસ શરૂ કરે છે. તેમાં વિવિધ ચીજવસ્તુઓના ઉલ્લેખની સાથે ‘આ કેમ લીધું?’, ‘આ લેવાની શી જરૂર?’, ‘આ તો ત્યાં નહીં હોય?’, ‘આ લેવાનો આઈડીયા કોનો હતો?’, ‘આ તે કંઈ લેવાતું હશે?’, ‘આપણે ત્યાં જઈને દુકાન કરવાની છે?’ ‘આપણે ત્યાં આખી જિંદગી કાઢવાની છે?’, ‘એ તો સારું થયું કે મેં જોયું. ન જોયું હોત તો આ બધું તમે ત્યાં ઉંચકીને લઈ ગયા હોત?’–જેવાં પ્રશ્નોરૂપી ડ્રોન-બોમ્બ પડતા રહે છે. કુટુંબીજનો પહેલાં તો ધ્યાન આપે છે, પણ ધીમે ધીમે તેમને સમજાય છે કે આ મુદ્દો સામાનનો નહીં, જીવનદૃષ્ટિનો છે અને તેનો ઉકેલ આમ ઉભડક રીતે, બેગ ગોઠવતાં ગોઠવતાં નહી આવે. એટલે, તે બધો હવાલો લઘુતમવાદીને સોંપીને વિરમી જાય છે કે પછી લઘુતમવાદીને કહી દે છે કે ‘એક કામ કરો. તમે તમારી બેગ ગોઠવી દો. અમે અમારું કરી દઈશું ને તમને ઉંચકવા નહીં આપીએ, બસ?’ આવાં કઠોર વચનો સાંભળીને લઘુતમવાદી ઓછામાં ઓછા શ્વાસ સાથેનો નિશ્વાસ નાખે છે અને ‘દુનિયામાં પોતપોતાનો ભાર દરેકે જાતે જ ઉંચકવાનો છે’–એવું કંઈક ગણગણીને બહાદુરીપૂર્વક પીછેહઠ કરે છે.

(આવતા અઠવાડિયેઃ ‘મહત્તમવાદી’ની વાત)

## વિવિધ પૂર્તિ

## ઈશિતાનું અલકમલક

### ભાગમ ભાગ પુરાણ : ‘કહો ક્યાં રમી આવ્યા રાસ રે..’



પોતાની પત્નીને પિયરે મૂકીને સાસુમા સાથે પલાયન થઈને જમાઈએ કોર્ટ મેરેજ કરી લીધા !

આજકાલ સ્વજનો અને સંબંધીઓની દુનિયામાં એવી ભેળસેળ થઈ ગઈ છે કે આપણી આસપાસ જે સિનારિયો સર્જાઈ રહ્યો છે એ જોઈ -જાણીને ભલભલા મહારથીઓનું માથું ચકરાય જાય .જેમકે..

દાઢીવાળા ખાવિંદને પડતો મૂકીને સફ્ફાચટ દાઢીવાળા યુવા દિયરજાન સાથે ભાગી જાય એવી બીબીથી લઈને ભાવિ જમાઈ સાથે નાસી જાય એવી સાસુમા કે એકમેકના પ્રેમમાં પડયા પછી સિફતથી સરકી જતાં વેવાઈ- વેવાણ કે બનેવી સાથે ગાયબ થઈ જતી તાજી દુલ્હન અથવા તો કાકાજી સસરા સાથે અલોપ થઈ જતી પત્ની’ઈત્યાદિ જેવા સાચા અજબ કિસ્સાની ગજબ વાતો તમને ‘ઈશિતા’અવારનવાર પહોંચાડતી રહે છે. અલબત્ત’ આવી ઘટનાઓ ઘટવાને બદલે ગુણાકારમાં વધતી જાય છે અને એમાંય હવે તો નવીનતા જોવાં મળે છે.

આવા ઘટનાઓ ન જાણે કેમ ‘ મોટાભાગે ઉત્તર પ્રદેશના મેરઠની આસપાસ જ બને છે. આ કિસ્સો જાણો..

૨૩ વર્ષી મોહમ્મ્દ અઝીઝ સાથે ૨૧ વર્ષની ફૂટડી મંતાશાના નિકાહની વાતચીત ચાલતી હતી ત્યારે એને રુપાળી મંતાશાની તસવીર દેખાડવામાં આવી હતી. દુલ્હા અઝીઝના નજીકના સગાં -સંબંધી દ્વારા આ શાદી તય થઈ હતી.

નિકાહ પઢતી વખતે મૌલવીએ જ્યારે દુલહનનું નામ તાહિરા જાહેર કર્યું ત્યારે દુલ્હો અઝીઝ ચમકી ઊઠયો . એણે નજીક જઈ દુલ્હનનો ચહેરો જોયો તો એ ફોટાવાળી મંતાશા નહીં ‘પણ એની ૪૫ વર્ષની અમ્મા તાહિરા હતી!

‘પોતાની દીકરીને દુલ્હન બનાવવાને બદલે એની અમ્મા એટલે કે ખુદ સાસુએ નિકાહ પઢી લઈને મારી સાથે છેતરપિંડી કરી છે’એવી પોલીસ ફરિયાદ અઝીઝે કરી તો છે..!

જોઈએ’ અઝીઝના નસીબમાં બ્રાન્ડ ન્યુ દુલ્હન છે કે પછી સેકન્ડ હેન્ડ સાસુમા!

આ કિસ્સો પણ જાણી લો..આ પણ ઉત્તર પ્રદેશનો છે. કાનપુર નજીકના એક ટાઉનમાં એક યુવાન પોતાની પત્નીને એના પિયર મૂકી ગયો અને પછી એ અને એની સાસુમા એટલે કે પત્નીની મા બન્ને એક રાતે ગાયબ થઈ ગયા. બધે એમની શોધખોળ ચાલી ત્યારે ત્રીજે દિવસે સાસુ -જમાઈ અચાનક પ્રગટ્યાં અને જાહેર કર્યું કે એ હવે સાસુ-જમાઈ નથી’ પણ પતિ -પત્ની છે અને એમણે કોર્ટમાં જઈને લગ્ન સુદ્ધાં કરી લીધાં છે!

પોતાની સાસુને તાજા પરણેલા જમાઈએ એની સત્તાવાર પત્નીને છુટ્ટાછેડા આપ્યા નથી માટે આ વાત હવે જ્ઞાતિના સરપંચ અને પોલીસ સુધી પહોંચી છે. આમાં મળતા અહેવાલ મુજબ મજાની કે નવાઈની વાત એ છે કે પૂર્વ સાસુ -જમાઈ ઉર્ફે તાજા બનેલા પતિ -પત્ની વચ્ચે લાંબા સમય થે ‘ઈલ્લુ ઈલ્લુ’ ચાલતું હતું એ વાતની આગોતરી જાણ મૂળ પત્ની એટલે કે સાસુમાની દીકરીને પણ હતી!

આ ઘટના પણ મમળાવી લો

અહીંના શાહજહાંપુરમાં એક મહિલા એની દીકરી માટે મુરતિયો જેવા ગઈ. મુરતિયો એને ગમ્યો. વધુ વાતચીત કરી ને પછી એ બન્ને ભાવિ સાસુમા અને ભાવિ જમાઈ વચ્ચે એવું કંઈક રંધાઈ ગયું કે કે પેલી મહિલા એની દીકરીને પડતી મૂકીને પેલા યુવાન સાથે જ મંદિરમાં જઈ લગ્ન કરી લીધા!

આ રીતે ભાવિ જમાઈને જીવનસાથી બનાવી દેનારી પેલી મહિલાના હયાત પતિ અને એની

દીકરી તો આ આંચકામાંથી હજુ બહાર આવ્યા નથી

હવે આમચી મહારાષ્ટ્રનો આ તાજો કિસ્સો પણ જાણવા લાયક છે..અહીંની એક કન્યા કાવ્યા કોઈ એક યુવક શેખરના પ્રેમમાં હતી. એમના અફેરની જાણ બન્નેના ઘરવાળાને થઈ એટલે બન્ને પક્ષે રાજીખુશીથી એમની સગાઈ કરાવી દીધી પછી લગ્નની તૈયારી શરુ થઈ. આ દરમિયાન બધા સગાં -વહાલાં ચોંકી ઊઠે એવા સમાચાર આવ્યા કે પેલી કાવ્યાના પ્રેમી શેખરે કાવ્યાની મમ્મી મધુ સાથે ભાગીને લગ્ન કરી લીધા છે અને હદ તો ત્યારે થઈ જ્યારે શેખરે આ ‘બ્રેકિંગ ન્યૂઝ’પોતાના સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આખા ગામમાં ગજાવ્યા ! ‘યે કયા હુઆ..કૈસે હુઆ..કબ હુઆ.. છોડો યે બેકાર કી બાતોં કો..! ‘કારણ કે થવાની હતી એ ભાવિ સાસુ સાથે ભાવિ જમાઈ હવે હનીમુન ઉજવવા કોઈ અજ્ઞાત સ્થળે ઉપડી ગયા છે !

### લાપત્તા લેડીસ : થોડી સી બેવફાઈ !



આસપાસના વાતાવરણની અસર માણસોને જલદી થાય છે. પ્રેમ સંબંધમાં બેવફાઈ-દગાના કિસ્સા આજે સહજ થઈ ગયા છે. અ ‘સંબંધ’વિશે અનેક શાયરી-ગીતો પણ લખાયા છે ‘પણ આની અસર જંગલ સુધી પહોંચશે એવી કલ્પના તો ક્યાંથી હોય ? મહાકાય હાથી -હાથણીની આવી થોડી સી બેવફાઈનો આ તાજો કિસ્સો જાણવા લાયક છે. ઉત્તરાખંડના જિમ કોર્બેટ નેશનલ પાર્કની તુંગા અન કપિલલા નામની બે હાથણી તાજેતારમાં ગાયબ થઈ હતી. આ પાર્કમાં ૧૨ હાથી-હાથણીનું ઝૂંડ છે ‘જેને પાર્કના અન્ય વન્યજીવોમી સુરક્ષા માટે તાલીમ આપવમાં આવી છે .

આ ‘રેસ્ક્યૂ ટીમ’ની પેલી બે લેડીઝ લાપત્ત થતાં વનવિભાગના અધિકારીઓ હાફળાં -ફાફળાં થઈ ગયા. ક્લાકો સુધી કપિલા- તુંગાનો અત્તોપત્તો ન લાગ્યો. વન્યવિભાગ ચિંતામાં ડૂબે ગયો : પેલી બે મીસ હાથી ગઈ ક્યાં.. ગમે તેમ તો યુવા સ્ત્રીની જાત્

અચાનક ત્રણ દિવસ પછી તુંગા - કપિલા શરમાતાં શરમાતાં પાર્કમાં પરત ફરી. વનના અધિકારીઓને ‘હાશ ! ‘થઈ તો થઈ ‘પણ પેલી બે ગૂમ કેવી રીત થઈ એની તપાસ આદરી તો જાણવા મળ્યું કે જંગલમાંથી હાથીઓનું એક ઝૂંડ ‘પાર્ટનર’ની શોધમાં એક રાતે ગુપચુપ પાર્કમાં પ્રવેશી ગયું હતું પછી તુંગા અને કપિલાને પટાવીને પોતાને સાથે જંગલમાં લઈ ગયું . બની શકે કે કપિલા -તુંગા પણ પેલા હાથીઓથી આર્કષાઈની એમની સાથે ગઈ અને ‘થોડીસી બેવફાઈ ‘કરીને ત્રીજા દિવસે મૂળ પાર્કમાં આપમેળે પરત આવી ગઈ..!

### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» દેશમાં થતં અપરાધોના વ્યવસ્થિત આંકડાની નોંધ સરકાર સંચાલિત ‘ નેશનલ ક્રાઈમ બ્યૂરો ‘ રાખે છે. તાજેતરમાં એણે જે અનેકવિધ અપરાધોની વિગતો જાહીર કરી છે એ ચિંતાપ્રેરક છે. આ વિશે આ અગાઉ ‘ ઈશિતા ’એ એની આ કોલમ ( ૩૧ મે-૨૦૨૬ ) માં પ્રગટ પણ કરી હતી. એમાં વિશેષ એ ઉમેરવાનું કે મહારાષ્ટ્રમાં ભ્રષ્ટાચારના સૌથી વધુ કેસ છે ‘ પરંતુ આશ્ચર્યની વાત એ છે કે અહીં સજાનો દર સૌથી ઓછો છે! આ રાજ્યમાં સૌથી વધુ ૭૨૧ કેસ ભ્રષ્ટાચારના નોંધાયા એમાં ૨૮૧ કેસની સુનાવણી પર પૂર્ણ થઈ ગઈ ‘ પણ એમાં ફક્ત ૨૦ કેસમાં જ અપરાધીઓને સજા ફટકારવામાં આવી છે !

» આજે ૧૪ જૂનના ‘ વર્લ્ડ બ્લડ ડોનેશન -ડે ’ ઉજવાઈ રહ્યો છે. જરુરિયાતમંદ દર્દીને ખરા સમયે લોહી આપવાની- ‘ બ્લડ ડોનેશન ’ની વૃતિ-પ્રવૃતિ વખાણવાલયક છે. રક્તદાન મહત્ત્વનું દાન ગણાય છે. આ દાનની સૌથી પ્રથમ શરુઆત બ્રિટનમાં થઈ હતી. ડો.પી.એલ.ઓલિવરની સમજાવટ પછી ચાર વ્યકતિએ પ્રથમવાર લંડનની ‘ કિંગ્સ હોસ્પિટલ ’માં રક્તદાન કર્યું હતું. એ વખતે આજના જેવી રક્ત સાચવવાની વ્યવસ્થા નહોતી. તાકીદે લોહીની જરુર પડે તો સ્વૈચ્છિક રક્તદાતાની એક યાદી લંડનની ‘ રેડક્રોસ સોસાઈટી ’તૈયાર રાખતી.૧૯૨૪માં આ રીતે ૨૬ લોકોને લોહીદાન આપવામાં આવ્યું.ત્યારપછીના પાંચ વર્ષમાં ૫૩૩૩ વ્યક્તિઓને ઉછીનું લોહી મળ્યું. એ બાદ ’ ૧૯૩૧માં સત્તાવાર રીતે મોસ્કોમાં વિશ્વની પ્રથમ બ્લડ બેન્કનો વ્યવસ્થિત આરંભ થયો...

### ઈશિતાની એલચી

**વાંકી પૂછડીવાળા કૂતરાની પૂછડી સીધી થાય તો એ ભયનું સિગ્નલ ગણાય...!!**